ખુબજ જરૂરી/અગત્યનું


નાયબ નિયામક,

**અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી**

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦ ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in


જા.નં. ના.નિ./ ૨૦૧૯-૨૦/૫૮૨ તા.૨૪/૦૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.

**વિષય:** વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેલ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના વિદ્યાર્થીઓ માટે **DIGITAL GUJARAT PORTAL** ફરીથી રી-ઓપન કરવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી / વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) થી ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ ડેવલોપ કરવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ **DIGITAL GUJARAT PORTAL** પર ભરવાના બાકી રહી ગયેલ હતા. તેમના માટે પોર્ટલ ફરીથી રી- ઓપન કરવામાં આવ્યુ છે. જેથી આપની શાળાના જે વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ હોય અથવા ફાઇનલ સબમીટ કરવાનુ રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓનો સત્વરે સંપર્ક કરી તેઓના ફોર્મ **તારીખ ૧૫/03/૨૦૨૦** સુધીમાં ભરાવી ઓનલાઇન આપની કક્ષાએથી અત્રેની કચેરીએ **તારીખ ૧૭/03/૨૦૨૦** સુધીમાં હાર્ડકોપી (FRC, શાળાની માન્યતાનો લેટર, ફોર્મ તથા તમામ ડોક્યુમેન્ટ) મોકલી આપવાના રહેશે. આ આખરી અને અંતિમ તક હોય આપની કક્ષાએથી ગંભીરતાથી આ બાબતે કાર્યવાહી કરવવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, જો કોઈ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળા/કોલેજો/સંસ્થાઓના આચાર્યની રહેશે. જેની નોધ લેવા વિનંતિ છે.

આ.નં. 2964
તા. ૨૮/૨/૨૦૨૦

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ/ માધ્યમિક/ઉ. માધ્યમિક શાળાઓ તરફ.

Scanned by CamScanner